Paper Code - 3588

B.A. Semester-III (Political Science)
July-September-2021
C.E.-304 Basic Principles of Democracy

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(1) ડિમોસ (Demos) અને કેટોસ (Kratos) શબ્દો કઈ ભાષા ઉપરથી ઉતરી આવ્યા છે.
(A) લેટિન (B) ગ્રીક (C) અરેબિક (D) અંગ્રેજી

(2) "લોકશાહી એ સમાજનો એવો પ્રકાર છે જેમાં દરેક જણને તક મળે છે અને દરેક જણને તેનો ખ્યાલ હોય છે."- આ વિધાન કોનું છે?
(A) જેમ્સ રસેલ લોવેલ (B) પ્લેટો (C) મહાત્મા ગાંધી (D) અબ્રાહમ લિંકન

(3) લોકશાહીના મૂલ્ય તરીકે સમાનતાનો અર્થ શું થાય?
(A) તમામ મનુષ્ય સમાન હોય છે. (B) તમામ મનુષ્યોને વિકાસ માટેની સમાન તક હોવી જોઈએ.
(C) કાયદા સમક્ષ બધા સમાન છે. (D) B અને C

(4) નીચેના પૈકી કયું લોકશાહીનું મૂલ્ય નથી?
(A) શાંત અને બંધારણીય રીતે પરિવર્તન (B) ન્યાય (C) બંધુતા (D) અસહિષ્ણુતા

(5) વિશ્વની શ્રેષ્ઠ અને સર્વોતમ રાજકીય વિચારધારા કઈ છે?
(A) રાજાશાહી (B) સામ્યવાદ (C) લોકશાહી (D) સમાજવાદ

(6) ભૂતકાળમાં ગ્રીસનાં નગરરાજ્યોમાં પ્રત્યક્ષ લોકશાહી પ્રવર્તતી હતી તેનું કારણ શું હતું?
(A) વસ્તીનું પ્રમાણ ઓછું હતું (B) નગરરાજ્યોનો વિસ્તાર ઘણો જ ઓછો હતો
(C) નાગરિકતાનું પ્રમાણ મર્યાદિત હતું. (D) ઉપરોક્ત તમામ

(7) લોકશાહી એટલે શું?
(A) લોકોની સમજદારીવાળું શાસન (B) લોકોની ભાગીદારીવાળું શાસન
(C) લોકો પ્રત્યે દયાભાવ રાખનારું શાસન (D) સત્તા માટેનો સંઘર્ષ

(8) ધારાસભામાં રજૂ કરવામાં આવેલ ખરડાઓને તેમજ બંધારણ માટેના ફેરફારોને પ્રજા સમક્ષ રજૂ કરીને, તે અંગે તેમનો અભિપ્રાય જાણવાની ક્રિયાને શું કહેવાય છે?
(A) પ્રજામત (B) પહેલ અધિકાર (C) લોકપૃચ્છા (D) એકપણ નહીં

(9) પ્રાચીન ગ્રીસમાં નાગરિકોની વફાદારી કોના પ્રત્યે વધુ હતી?
(A) કુટુંબ (B) સમાજ (C) ધર્મ (D) રાજ્ય

(10) લોકશાહીને વ્યાખ્યાયિત કરવામાં વિચાર પર ભાર કોણે મૂક્યો છે?
(A) પ્લેટો (B) વિનોબા ભાવે (C) દાદા ધર્માધિકારી (D) એરિસ્ટોટલ

(11) આધુનિક લોકશાહીમાં રાજ્યો નાગરિકતા અંગે કયો સિદ્ધાંત અપનાવે છે?
(A) જન્મદત્ત નાગરિકતાનો સિદ્ધાંત (B) રાજ્યદત્ત નાગરિકતાનો સિદ્ધાંત (C) A અને B બંને (D) એકપણ નહીં

(12) લેટિન શબ્દ 'પ્લેબિસિટમ'માં 'પ્લેબિસ'નો અર્થ શું થાય છે?
(A) આજ્ઞા (B) પ્રજા (C) શાસન (D) મત

(13) નીચેનું કયું વિધાન પહેલ અધિકારની તરફેણમાં નથી?
(A) તેમાં પ્રજાની ઈચ્છાની સર્વોપરિતાનો સ્વીકાર થાય છે. (B) તેમાં જરૂરી કાયદાઓનું ઘડતર થાય છે.
(C) તેમાં અયોગ્ય કાયદાઓ પસાર થવાની શક્યતા રહેલી છે. (D) તેમાં પ્રજાની રાજકીય નિરસતા દૂર થાય છે.

(14) નીચેના પૈકી કઈ લાક્ષણિકતા ઉદારમતવાદી લોકશાહીની છે?
(A) ન્યાયતંત્રની સ્વતંત્રતા (B) મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ (C) બહુપક્ષપ્રથા (D) ઉપરોક્ત તમામ

(15) લોકશાહીમાં કોને પ્રાધાન્ય આપવામાં આવે છે?
(A) ધારાસભા (B) કારોબારી (C) ન્યાયતંત્ર (D) નાગરિકો

(16) લોકશાહીની સફળતા માટે નીચેનામાંથી કયું પરિબળ સહાયક નથી ?
(A) મિલકત (B) શાંતિ (C) શિક્ષણ (D) જાગૃતિ

(17) નીચેના પૈકી કઈ આધુનિક લોકશાહીની લાક્ષણિકતા નથી ?
(A) આમજનસમુદાયની ભાગીદારી (B) સત્તાનું વિકેન્દ્રીકરણ (C) મુક્ત સમૂહસંચારના માધ્યમો (D) અગ્રવર્ગો દ્વારા શાસન

(18) લોકશાહીમાં ધારાસભામાં કયું પરિબળ સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે?
(A) દાબજૂથો (B) હિતજૂથો (C) મજદૂરસંઘો (D) પક્ષપ્રથા

(19) વ્યક્તિ અને રાજ્ય વચ્ચેના સંબંધમાં આદર્શવાદી વિચારધારા શું માને છે ?
(A) વ્યક્તિએ સાધ્ય છે અને રાજ્યએ સાધન છે (B) રાજ્યએ સાધ્ય છે અને વ્યક્તિએ સાધન છે
(C) રાજ્ય અનિવાર્ય અનિષ્ટ છે (D) ઉપરોક્ત તમામ

(20) 'રાજ્ય અનિષ્ટ છે પરંતુ તે અનિવાર્ય અનિષ્ટ છે.'-તેવું કઈ વિચારધારા માને છે ?
(A) આદર્શવાદી વિચારધારા (B) વ્યક્તિવાદી વિચારધારા (C) અરાજકતાવાદી વિચારધારા (D) સમાજવાદી વિચારધારા

(21) વ્યક્તિ અને રાજ્ય વચ્ચેના સંબંધમાં અરાજકતાવાદી વિચારધારા શું માને છે ?
(A) રાજ્યએ દમનનું પ્રતિક છે (B) રાજ્ય બિનજરૂરી અને અનિચ્છનીય છે
(C) મનુષ્ય સ્વભાવથી જ સારો હોય છે (D) ઉપરોક્ત તમામ

(22) જ્હોન સ્ટુઅર્ટ મિલના મતે રાજ્યએ કયા કાર્યોમાં દરમ્યાનગીરી કરવી જોઈએ ?
(A) સ્વલક્ષી કાર્યો (B) પરલક્ષી કાર્યો (C) A અને B બંને (D) એકપણ નહીં

(23) લોકશાહીને આપણે કયા સ્વરૂપે સ્વીકારવી જોઈએ ?
(A) માત્ર સરકારના પ્રકાર તરીકે (B) જીવન શૈલી તરીકે (C) A અને B બંને (D) એકપણ નહીં

(24) જીવન પ્રણાલી તરીકે લોકશાહીનો સ્વીકારનો અર્થ શું થાય ?
(A) કાયદાઓનો કડકપણે અમલ કરવો (B) રાજકીય ભ્રષ્ટાચારને દૂર કરવો
(C) વ્યકિગત અને સામાજિક જીવનમાં લોકશાહી મૂલ્યોને અમલમાં મૂકવા (D) સરકારએ લોકશાહી મૂલ્યો અપનાવવા

(25) સફળ લોકશાહીતંત્રમાં કઈ બાબત મહત્વની છે?
(A) બહુમતીનું લઘુમતીઓ પ્રત્યે સહિષ્ણુતાભર્યું વર્તન (B) લઘુમતીઓનો બહુમતી પ્રત્યે આદરભર્યો વ્યવહાર
(C) A અને B બંને (D) એકપણ નહીં

(26) દેશમાં રહેતી પ્રજામાં જાતિ, ભાષા કે ધર્મના આધારે રચાયેલી લઘુમતીઓ કયા નામે ઓળખાય છે?
(A) સામાજિક લઘુમતીઓ (B) ધાર્મિક લઘુમતીઓ (C) ભાષાકીય લઘુમતીઓ (D) સાંસ્કૃતિક લઘુમતીઓ

(27) રાજકીય લોકશાહીતંત્ર માટે કઈ બાબત મુશ્કેલીરૂપ છે?
(A) બહુમતીપક્ષ અને લઘુમતીપક્ષ વચ્ચે અસહિષ્ણુતા (B) ભાષાકીય બહુમતી અને લઘુમતી વચ્ચે અસહિષ્ણુતા
(C) ધાર્મિક બહુમતી અને લઘુમતી વચ્ચે અસહિષ્ણુતા (D) ઉપરોક્ત તમામ

(28) સામાજિક લોકશાહીનો અર્થ શું કરી શકાય?
(A) સમાજના તમામ લોકો સામાજિક રીતે સમાન સ્થિતિમાં છે.
(B) સમાજમાં જ્ઞાતિ, ધર્મ, રંગ. લિંગ,પ્રદેશ વગેરેના આધારે ભેદભાવોનો અભાવ
(C) સમાજના તમામ વર્ગોને રાજકીય, આર્થિક, સામાજિક સંસાધનોની પ્રાપ્તિ થવી
(D) B અને C

(29) "આર્થિક અને સામાજિક લોકશાહી એ રાજકીય લોકશાહીની શિરા અને પેશીઓ છે"-આ વિધાન કોનું છે?
(A) જવાહરલાલ નેહરુ (B) મહાત્મા ગાંધી (C) ડો.બી.આર.આંબેડકર (D) અમર્ત્યસેન

(30) આર્થિક લોકશાહીની સ્થાપના માટે કયું વિધાન યોગ્ય છે?
(A) ઉત્પાદનના સાધનો અને સેવાઓનું સમાન અને ન્યાયી વિત્તરણ (B) આર્થિક વર્ગો આધારીત સ્તરીકરણની ગેરહાજરી
(C) લોકોની પ્રાથમિક જરૂરિયાતોની સંતોષાવી (D) ઉપરોક્ત તમામ

(31) સામાજિક લોકશાહીની સ્થાપના માટે અનિવાર્ય જરૂરીયાતો કઈ છે?
(A) પ્રત્યેક વ્યક્તિને સમાન દરજ્જો, સમાન અધિકારો અને વિકાસ માટે સમાન તક
(B) સામાજિક અનિષ્ટોને દૂર કરી તંદુરસ્ત લોકશાહી સમાજ વ્યવસ્થાનું નિર્માણ
(C) સૌને શિક્ષણ
(D) ઉપરોક્ત તમામ

(32) ઉદ્યોગોના સંચાલકીય નિર્ણયોમાં મજદૂર સંઘોની ભાગીદારીને કયા પ્રકારની લોકશાહી કહેવાય?
(A) રાજકીય લોકશાહી (B) સામાજિક લોકશાહી (C) ઔધોગિક લોકશાહી (D) ઉપરોક્ત તમામ

(33) લોકશાહીમાં નિર્ણય કઈ રીતે લેવામાં આવે છે?
(A) સર્વસંમતિ દ્વારા (B) બહુમતી દ્વારા (C) લઘુમતી દ્વારા (D) ઉપરોકત તમામ

(34) "બહુમતિને કાર્ય કરવાનો અને તમામ લોકોને આવરી લેવાનો હક્ક છે."-આ વિધાન કોનું છે?
(A) એરિસ્ટોટલ (B) જ્હોન લોક (C) મેકિયાવેલી (D) એડમંડ બર્ક

(35) "નાગરિકોમાંથી કોઈપણ શાસન કરે તેના કરતાં કાયદા દ્વારા શાસન ચાલવું જોઈએ તે વધારે વાજબી છે."-આ વિધાન કોનું છે ?
(A) પ્લેટો (B) હિરોડોટ્સ (C) એરિસ્ટોટલ (D) એ. વી. ડાયસી

(36) એરિસ્ટોટલે પોતાના કયા પુસ્તકમાં કાયદાના શાસન અંગે વિચારો રજૂ કર્યા છે ?
(A) રિપબ્લીક (B) પોલિટિક્સ (C) ધ પ્રિન્સ (D) પ્રિન્સિપલ્સ ઓફ લૉ

(37) વર્તમાન સમયમાં કાયદાના શાસન સામેના પડકારો કયા છે ?
(A) ન્યાય મેળવવામાં વિલંબ (B) વકીલોની મોંઘી ફી (C) A અને B બંને (D) એકપણ નહીં

(38) અધિકારીત વિધાન અંગે કયું વિધાન યોગ્ય નથી ?
(A) અધિકારીત વિધાનથી ધારાસભાનો કાર્યબોજ હળવો થયો છે.
(B) અધિકારીત વિધાનથી કારોબારીની સત્તામાં વધારો થયો છે.
(C) અધિકારીત વિધાનથી અમલદારો ખૂબ જ આપખુદ બની ગયા છે.
(D) કલ્યાણ રાજ્યને કારણે અધિકારીત વિધાનનો જન્મ થયો છે.

(39) કાયદાના શાસન સંબંધી કયું વિધાન યોગ્ય નથી ?

(A) જ્યાં સુધી કાયદાનો ભંગ કરે નહિ ત્યાં સુધી તેને શિક્ષા કરી શકાય નહીં.

(B) કાયદાનો ભંગ કરનાર વ્યક્તિ પોતાનો જાતે બચાવ કરી શકે નહીં.

(C) કેસની સુનાવણી ખાનગીમાં નહિ પરંતુ જાહેરમાં થવી જોઈએ.

(D) દરેક વ્યક્તિ કાયદાને આધીન છે.

(40) સહિષ્ણુતા માટે કઈ બાબત સૌથી વધુ મહત્વની છે ?

(A) સ્વતંત્રતાનો અહેસાસ (B) કાયદોનું કડક પાલન (C) ધર્મની ચુસ્તતા (D) ભાઇચારાની ભાવના

(41) સહિષ્ણુતા એટલે શું ?

(A) નાગરિકોએ સરકારનો ગમે તેવો વહીવટ સહન કરવો. (B) પોતાની વાત સાચી હોવાનો હઠાગ્રહ.

(C) લોકોમાં પ્રવર્તતી બાંધછોડ કરવાની ભાવના. (D) લઘુમતીઓએ સહન કરવી પડતી જોહુકમી.

(42) લોકશાહી માટે હકારાત્મક પરિસ્થિતિ કઈ છે ?

(A) લઘુમતીઓને ભયમુક્ત હોવાનો અહેસાસ (B) બહુમતી અને લઘુમતીઓ વચ્ચે સહિષ્ણુતાની ભાવના

(C) ધાર્મિક લઘુમતીઓને પોતાના ધર્મનો પ્રચાર પ્રસાર કરવાનો અધિકાર (D) ઉપરોક્ત તમામ

(43) ભારતમાં સહિષ્ણુતાના અભાવે કયા બે ધાર્મિક જૂથો વચ્ચે વારંવાર અથડામણ થતી જોવા મળે છે?

(A) હિન્દુ અને પારસી (B) હિન્દુ અને જૈન (C) હિન્દુ અને મુસ્લિમ (D) હિન્દુ અને શીખ

(44) “આઇસોનોમિયા” શબ્દનો અર્થ શું થાય છે?

(A) મતની સમાનતા (B) આર્થિક સમાનતા (C) કાયદાની સમાનતા (D) શ્રીમંતોની ઇજારાશાહી

(45) કાયદાના સાશનના મુખ્ય આધારસ્તંભો કયા છે?

(A) કાયદા સમક્ષની સમાનતા (B) કાયદાની સર્વોપરિતા (C) ન્યાયતંત્રની સ્વતંત્રતા (D) ઉપરોક્ત તમામ

(46) રાજકીય આજ્ઞાધીનતા માટે સંમતિ અને થોડાઘણા અંશે બળ બંને જરૂરી છે. તેવું કોણ મને છે ?

(A) જે. એસ. મિલ (B) લાઝવેલ (C) જી. સી. ફિલ્ડ (D) હેરાલ્ડ લાસ્કી

(47) થોમસ હિલ ગ્રીનએ કયા પુસ્તકમાં સંમતિનો ખ્યાલ સમજાવ્યો છે ?

(A) પ્રિન્સિપલ્સ ઓફ પોલિટિકલ ઓબ્લિગેશન (B) એસે ઓન લિબર્ટી

(C) સ્પિરિટ ઓફ ધ લૉઝ (D) ગ્રામર ઓફ પોલિટિક્સ

(48) “રાજકીય સત્તાનો પાયો પ્રજાની સંમતિ છે”-આ વિચારના સમર્થક કોણ છે ?

(A) જેરેમી બેન્થામ (B) હોબ્સ, લોક અને રૂસો (C) સ્ટાલિન (D) મેકિયાવેલી

(49) જેરેમી બેન્થામના મતે લોકો રાજ્યની આજ્ઞાઓનું પાલન કરે છે તેની પાછળ કયું પરિબળ મહત્વનુ છે ?

(A) ધર્મ (B) ટેવ (C) ઉપયોગિતા (D) ડર

(50) લોકશાહી કેવા પ્રકારના દેશમાં સફળ થઈ શકે ?

(A) વધુ વસ્તી ધરાવતા દેશમાં (B) ઓછી વસ્તી ધરાવતા દેશમાં

(C) વધુ વિસ્તાર ધરાવતા દેશમાં (D) સહિષ્ણુતાની ભાવના ધરાવતા દેશમાં